પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૭૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૫-૦૩-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### રાષ્ટ્રપતિએ ગુજરાત વિધાનસભા ગૃહમાં સંબોધન કર્યું

## સંઘર્ષો વચ્ચે પણ ગુજરાતની ધરતી વધુ શક્તિશાળી બનીને ઊભરી છે : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

ગાંધીનગર,

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજથી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી પહોંચ્યા છે અમદાવાદ વિમાની મથકે પહોંચતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં સંબોધન કર્યું હતું વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્યએ સ્વાગત પ્રવચન આપીને વિધાનસભા વતી ભગવત ગીતા ભેટ આપી હતી. તેના બાદ રાષ્ટ્રપતિએ સંબોધન શરૂ કર્યું હતું.



તેમણે સંબોધનની શરૂઆતમાં કહ્યુ કે, લોકતંત્રના આ મંદિરમાં તમારી વચ્ચે આવીને મને આનંદ થાય છે. મારુ સૌભાગ્ય છે કે બાપુની જન્મભૂમિ ગુજરાતની ભૂમિ પર આવવાના અનેક અવસર મળ્યાં. આ સમારોહ ત્યારે આયોજિત થયો છે, જ્યારે દેશ આઝાદીને અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. આ માટે ગુજરાતથી વધીને કોઈ મોટુ સ્થાન નથી. સ્વતંત્રતાની કલ્પના કરનારાઓમાં ગુજરાતના લોકો અગ્રણી ભૂમિકામાં હતા. દાદાભાઈ નવરોજી, ફીરોઝશાહ જેવાએ અવાજ ઉઠાવ્યો હતો, જેને ગુજરાતના લોકોએ મજબૂત બનાવી. અંતે મહાત્મા ગાંધીના માર્ગદર્શનમાં સ્વતંત્રતા મળી. આજે વિશ્વમાં કોઈ હિંસા થાય ત્યારે બાપુના મૂળ મંત્ર અહિંસાના માર્ગનો અહેસાસ થાય છે. ગુજરાતનો ઈતિહાસ અદ્વિતીય રહ્યો છે. સત્યાગ્રહની ભૂમિ પણ કહેવાય છે.

તેમણે કહ્યુ કે, બારડોલી સત્યાગ્રહ, દાંડી માર્ચ અને મીઠા સત્યાગ્રહએ સ્વતંત્રતા સંગ્રામને નવો વેગ આપ્યો. બારડોલી સત્યાગ્રહથી સરદાર પટેલનો મહાન જનનાયક તરીકે ઉદય થયો. દેશવાસીઓના હૃદયમાં સરદાર પટેલનું કદ તેમની પ્રતિમા કરતા પણ ઉંચુ છે. રાજનીતિની સાથે સાંસ્કૃતિ, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ ગુજરાતની ભૂમિકા મહત્વની છે. વૈષ્ણવજન તો તેને રે કહીએ સ્વતંત્રતા સંગ્રામનું ગીત બન્યુ હતું. આ ભજને માનવતાવાદને રજૂ કર્યું. હંસા મહેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહિલાઓને પુરુષોના સમકક્ષ સ્થાન અપાવવાનું કામ કર્યું. ગુજરાતના લોકોની ઉદારતા ભારતીય સંસ્કૃતિની પ્રમુખ વિશેષતા રહી છે. અહીંના તમામ મંદિરોમાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે.

સંબોધનમાં તેમણે કહ્યુ કે, સંઘર્ષોથી સદા વિકસિત આ ધરતી પહેલાથી પણ વધુ વિકસિત બની છે. આધુનિક યુગમાં વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતનું અમૂલ્ય યોગદાન છે. ૧૯૬૦ મા અલગ અસ્તિત્વ બન્યા બાદ આ રાજ્ય ઈનોવેશન ક્ષેત્રે આગળ રહ્યુ. આ વિકાસ માટે તમામ પૂર્વ મુખ્યમંત્રીઓના યોગદાનના વખાણ કરું છું. ગુજરાતની વિકાસયાત્રાને યાત્રા વધારવા સીએમ મુખ્યમંત્રી અને તેમની ટીમને મારી શુભેચ્છા છે. ગુજરાત એકમાત્ર રાજ્ય છે, જ્યા વિધાનસભા દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઈન્વેસ્ટ અને વિકાસમાં પ્રોત્સાહન આપવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ એક્ટ બનાવવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિએ કહ્યુ કે, 'તમે તમારા વિસ્તારના પ્રતિનિધિ છો. પણ મહત્વનુ છે, પણ તમારી જનતા તમને ભાગ્યવિધાતા માને છે. તેમની ઈચ્છા તમારી સાથે જોડાયેલી છે. તેમની ઈચ્છા પૂરી કરવાનો તમારો પ્રયાસો સર્વોપરી હોવો જોઈએ.લ્ર આવુ કહીને તેમણે ધારાસભ્યોને ટકોરતા કહ્યુ હતુ કે શુ હવે આ બાબત પર તાળીઓ નહિ વગાડો?

તેમણે કહ્યુ હતું કે, ગુજરાતના લોકોનો દેશપ્રેમ વિશ્વ વિખ્યાત છે. તેઓ ગમે ત્યા રહે પણ માતૃભૂમિ સાથે હંમેશા જોડાયેલા રહે છે. તેમણે ગુજરાતી પંક્તિ વર્ણવી હતી. ગુજરાત સાથે મારો નાતો જૂનો છે. ૭૦ ના દાયકાથી મારુ અહી આવવાજવાનુ થાય છે. મારી પ્રત્યેક યાત્રામાં એ ઉર્જાનો અનુભવ કર્યો, જે ગુજરાતની જનતામાં જોવા મળે છે. આ મારુ સૌભાગ્ય છે કે યુવાવસ્થામાં મોરારજી દેસાઈ સાથે કામ કરવાની તક મળી, તેઓ પ્રધાનમંત્રી પણ બન્યા હતા. બાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે કામ કરવાની તક મળી.

જો કે રાષ્ટ્રપતિના આગમનને લઈને અનેક ધારાસભ્યોએ શિસ્તનું પાલન કર્યું ન હતું ધારાસભ્યોને ૧૦.૩૦ સુધી બેઠક વ્યવસ્થા લઈ લેવાની સૂચનાઓ હોવા છતાંય ૧૦.૫૦ સુધી ધારાસભ્યો ગૃહમાં ફોટા પડાવતા રહ્યા હતા. આખરે દંડક પંકજ દેસાઈએ ધારાસભ્યોએ ટકોર કરીને તમામને પોતાની બેઠક વ્યવસ્થા પર જવા માટે કહ્યું હતું.

ગૃહમા રાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને વિધાનસભા અધ્યક્ષ ત્રણે સાથે બેસ્યા હતા. જેથી ત્રણ ખુરશી રાખવામાં આવી હતી. અલગ અલગ કલરના ફુલોથી બેસવાની જગ્યા શણગારાઈ હતી. સાથે જ રાષ્ટ્રપતિની રંગોળી પણ બનાવાવમાં આવી હતી. જગન્નાથ મંદિર, અમદાવાદના દિલીપ દાસજી મહારાજ, વૈષ્ણવ સંપ્રદાયના દ્વારકેશલાલજી પણ પ્રક્ષેક ગેલેરીમાં હાજર રહ્યાં હતાં

રાષ્ટ્રપતિ રામનાથ કોવિદના સંબોધન સમયે પ્રક્ષેક ગેલેરીમાં વિશેષ આમંત્રિતોને સ્થાન અપાયુ છે. એક ગેલેરીમાં પદ્મ સન્માનિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં તો બીજી ગેલેરીમાં રાજયની તમામ યુનિવર્સિટીના ઉપકુલપતિઓને સ્થાન આપવામાં આવ્યું હતું. ત્રીજી ગેલેરીમાં રાજ્ય સરકારના સિનિયર અધિકારીઓને સ્થાન આપવામાં આવ્યું હતું

દેશવાસીઓના હૃદયમાં સરદાર પટેલનું કદ તેમની પ્રતિમા કરતા પણ ઉંચુ છે. રાજનીતિની સાથે સાંસ્કૃતિ, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ ગુજરાતની ભૂમિકા મહત્વની છે. વૈષ્ણવજન તો તેને રે કહીએ સ્વતંત્રતા સંગ્રામનું ગીત બન્યુ હતું. આ ભજને માનવતાવાદને રજૂ કર્યું. હંસા મહેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહિલાઓને પુરુષોના સમકક્ષ સ્થાન અપાવવાનું કામ કર્યું. ગુજરાતના લોકોની ઉદારતા ભારતીય સંસ્કૃતિની પ્રમુખ વિશેષતા રહી છે. અહીંના તમામ મંદિરોમાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે.

વિધાનસભામાં પોતાનું સંબોધ પૂર્ણ કર્યા બાદ રાષ્ટ્રપતિ રાજભવન પરત ફરશે, રામનાથ કોવિંદ અહીં જ રાત્રી રોકાણ કરશે અને ૨૫ માર્ચે સવારે ૭.૫૫ વાગ્યે જામનગર જવા રવાના થશે. અહીંથી તેઓ સવારે ૯ વાગ્યે જામનગર એરપોર્ટ પહોંચશે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ આવતીકાલે ૨૫ માર્ચે જામનગરની મુલાકાત લેશે.જ્યાં ઈન્ડિયન નવલ શિપ વાસસુરાને 'પ્રેસિડેન્ટ્સ કલરલ્ર એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.આ સન્માનના કાર્યક્રમ દરમિયાન ૧૫૦ જવાનો દ્વારા 'ગાર્ડ ઓફ ઓનરલ્ર સાથે રાષ્ટ્રપતિને માન આપવા માટે ઔપચારિક પરેડ રજૂ કરવામાં આવશે.જ્યાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નૌસેના સ્ટાફના વડા એડમિરલ આર. હરી કુમાર, સધર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ વાઈસ એડમિરલ એમ.એમ. હમ્પિહોલી સહિતના લોકો ઉપસ્થિત રહેનાર છે.

## રાજ્યમાં પવનની દિશા બદલાવાવને કારણે ગરમ હવા ફૂંકાવવાની આગાહી કરવામાં આવી

અમદાવાદ,

અરબી સમુદ્રમાં વારંવાર સિસ્ટમ સક્રિય થાય છે તેની અસર ગુજરાતના વાતાવરણમાં પર જોવા મળે છે. હવામાન વિભાગની આગાહીના મુજબ આગામી ત્રણ દિવસ રાજ્યનાં કેટલાક જિલ્લામાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. આવતી કાલ સુધી ઉત્તર અને મધ્યમ ગુજરાતમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. જ્યારે ૨૫ માર્ચથી તાપમાનમાં ૪ ડિગ્રી સુધી તાપમાન વધી શકે છે.

ગુજરાત રાજ્યમાં ૨૫મીથી એટલે શુક્રવારથી રાજ્યમાં પવનની દિશા બદલાવાવને કારણે ગરમ હવા ફૂંકાવવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે ફરી ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનથી અમદાવાદ સહિત રાજ્યમાં મિશ્ર વાતાવરણ છે. ગયા અઠવાડિયા કરતા થોડી રાહત મળી છે. ત્યારે શુક્રવારથી ગરમી ફરી ૪૦ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. બેથી ચાર ડિગ્રી તાપમાન વધવાની આગાહી કરવામાં આવી છે.

વહેલી સવારથી જ અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. રાજ્યમાં છેલ્લા અઠવાડિયામાં સતત કાળઝાળ ગરમીનો માર રહ્યો છે. તાપમાન ૪૧ ડીગ્રી સુધી પહોંચ્યું હતુ. માર્ચ મહિનામાં જ કાળઝાળ ગરમીનો અહેસાસ કર્યો અને ત્યારબાદ વાતાવરણ પલટો જોવા મળ્યો હતો જેના કારણે થોડી રાહત અનુભવાઈ હતી.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, ૨૫થી ૨૭ માર્ચના સૌરાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારમાં વાતાવરણ પલટો આવશે અને સામાન્ય વરસાદી છાંટા છે. હવામાન નિષ્ણાતનું માનવું છે કે, તાપમાન વધવાના કારણે અરબી સમુદ્રમાંથી ભેજ ઉપર આવ્યો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા સર્જાયું છે. વાદળછયા વાતાવરણના કારણે તાપમાન ઘટ્યું છે અને ગરમીમાંથી રાહત મળી છે પરંતુ ખેડૂતોની ચિંતા વધી છે.

નોંધનીય છે કે, સુરત શહેરમાં સવારે આકાશ વાદળોથી છવાયા બાદ સમય આગળ વધતા વાદળો દૂર થવાની સાથે જ ફરીથી સૂર્યદેવતાનું રાજ જોવા મળ્યું હતુ. શહેરીજનો નરમ ગરમ દિવસ અનુભવ્યો હતો. જેમાં કલાકના ૧૦ કિ.મીની ઝડપે ગરમ પવન ફુંકાતા શહેરીજનો હિટવેવથી તોબા પોકારી ઉઠયા હતા. આગામી દિવસોમાં શહેરના તાપમાન વધવાની શકયતા છે.

## ભારત સરકારે અત્યાર સુધીમાં ૩૨૦ મોબાઈલ એપ્લિકેશનને બ્લોક કરી છે

નવીદિલ્હી,

વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રીના જણાવ્યા અનુસાર, ભારત સરકારે અત્યાર સુધીમાં ૩૨૦ મોબાઈલ એપ્લિકેશનને બ્લોક કરી છે. આ માહિતી લોકસભામાં એક લેખિત જવાબમાં આપવામાં આવી હતી. વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી સોમ પ્રકાશે જણાવ્યું હતું કે "રાજ્યની સાર્વભૌમત્વ, અખંડિતતા અને સુરક્ષા" ના કારણે આ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એપ્સ પર પ્રતિબંધ મૂકવાના નવા રાઉન્ડમાં, સરકારે ૪૯ એપ્લિકેશનો એપ્લિકેશન દૂર કરી છે. સરકારનો દાવો છે કેઆ અરજીઓ શરૂઆતમાં પ્રતિબંધિત અરજીઓની ડુપ્લિકેટ જેવી હતી. પ્રકાશે કહ્યું, "તેના તમામ યુઝર્સ માટે સુરક્ષિત, વિશ્વસનીય અને જવાબદાર ઈન્ટરનેટ સુનિશ્ચિત કરવા માટે, સરકારે અત્યાર સુધીમાં ૩૨૦ મોબાઈલ હેઠળ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (આઈટી) એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૯છની જોગવાઈઓ લાગુ કરી છે. એપ્લિકેશન અવરોધિત છે. આ ભારતીય અર્થતંત્રને કેવી રીતે અસર કરતું નથી તે બતાવવા માટે, પ્રકાશે એમ પણ કહ્યું કે ભારતને ચીન તરફથી માત્ર ઈ૨.૪૫ બિલિયન ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મળ્યું છે. આ રોકાણ એપ્રિલ ૨૦૦૦ થી ડિસેમ્બર ૨૦૨૧ વચ્ચે કરવામાં આવ્યું હતું. ભારત સરકારે જૂન ૨૦૨૦માં ચીનની અરજીઓ પર પ્રતિબંધના પ્રથમ રાઉન્ડની જાહેરાત કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૦માં બીજી વખત ચીની એપ્સ હટાવી દેવામાં આવી હતી. આ વખતે, એન્ડ્રોઈડ અને સૌથી લોકપ્રિય ગેમ ભારતમાં બંધ થઈ ગઈ છે. પબજી મોબાઈલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આનાથી ક્રાફ્ટન સ્ટુડિયોએ પબજી ગેમના ભારતીય સંસ્કરણની જાહેરાત કરી. ભારતમાં કેટલાક એનઓજી બેટલ રોયલ ગેમ પર પ્રતિબંધની માંગ કરી રહ્યા છે.

## જાહેર જનતા પર વધુ એક મોંઘવારીનો મારો : CNG-PNGના ભાવમાં વધારો

અમદાવાદ,

દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થયા બાદ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવમાં સતત વધારો થયો છે, ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં પણ તોતિંગ વધારો થયો છે. આજે જાહેર જનતાને ફરી એકવાર મોંઘવારીનો માર સહન કરવો પડશે.હવે ગુજરાત ગેસે સીએનજી અને પીએનજીના ભાવમાં પણ વધારો થયો છે.સીએનજીમાં પ્રતિ કિલો દીઠ રૂ.૩ અને પીએનજીમાં પ્રતિ કિલો દીઠ રૂ.૪નો વધારો ઝીંકવામાં આવ્યો છે. ભાવ વધારાના પગલે અદાણીની સરખામણીમાં સસ્તો ગેસ વાપરતા ગુજરાત ગેસના ગ્રાહકોને પણ હવે વધુ પૈસા ચુકવવા પડશે. આવા ગ્રાહકો પર દર મહિને વધારાનો આર્થિક બોજ આવી પડયો છે. હવે રશિયા અને યૂક્રેન વચ્ચે યુદ્ધની સીધી અસર જોવા મળી રહી છે.

ગુજરાત ગેસે ૧લી જાન્યુઆરીએ વધારો કર્યા બાદ આજે સીએનજીમાં પ્રતિ કિલો રૂ.૩નો વધારો કરતા નવો ભાવ રૂ.૭૦.૫૩ થયો છે. જ્યારે પીએનજીમાં પ્રતિ કિલો રૂ.૪નો વધારો કરતા નવો ભાવ રૂ.૩૯.૦૫ થયો છે. પીએનજીમાં ગુજરાત ગેસ ૧૫ ટકા વેટ અલગથી વસૂલ કરે છે

## નાટો દેશોના ૩૦ હજાર સૈનિકો રશિયાની સરહદ પર પ્રેકટીસ કરી રહ્યા છે

મોસ્કો,

રશિયા-યુક્રેન યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું. યુદ્ધ દરમિયાન, રશિયન સરહદેથી ચોંકાવનારી તસવીરો સામે આવી છે. એક-બે નહીં પરંતુ નાટો દેશોના ૩૦ હજાર સૈનિકો રશિયાની સરહદ પર પ્રેકટીસ કરી રહ્યા છે. પરમાણુ સબમરીન પણ કવાયતમાં સામેલ છે, તો શું રશિયા પર કોઈ મોટી કાર્યવાહીની તૈયારી છે?



હકીકતમાં યુક્રેનની સરહદ પર છેલ્લા કેટલાક દિવસોમાં રડાર દ્વારા ફાઈટર પ્લેન ટ્રેસ કરવામાં આવ્યા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે વિમાન ખતરનાક મિસાઈલોથી સજ્જ હતું. મોટી વાત એ છે કે આ વિમાનો ન તો યુક્રેનની સેનાના છે અને ન તો રશિયન સેનાના. હંગેરિયન એરસ્પેસમાં પ્રવેશ્યા પછી ફાઈટર પ્લેન સાથે સંબંધિત માહિતી વિશ્વ સાથે શેર કરવામાં આવી ન હતી.

એવું માનવામાં આવે છે કે યુક્રેન બોર્ડર અને હંગેરિયન એરસ્પેસમાં જોવા મળેલા ફાઈટર પ્લેન અમેરિકાના હોઈ શકે છે. પરંતુ હજુ સુધી તેની પુષ્ટિ થઈ નથી. અહીં તમારે યાદ રાખવું પડશે કે યુદ્ધ દરમિયાન ૭૦ થી વધુ રશિયન ફાઈટર પ્લેન અને ૧૦૦ થી વધુ સૈન્ય હેલિકોપ્ટર નાશ પામ્યા છે.

ગયા વર્ષે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે રશિયાએ એક એવી પરમાણુ મિસાઈલ વિકસાવી છે જે વિશ્વમાં ગમે ત્યાંથી અને દરેક લક્ષ્યને નિશાન બનાવી શકે છે. પુતિનનો દાવો છે કે આ મિસાઈલને રોકવી અશક્ય છે. પુતિને રશિયન સરકારી ટીવી પર લોકોને એક પ્રેઝન્ટેશન પણ બતાવ્યું. આમાં પુતિને કહ્યું હતું કે રશિયા એવા ડ્રોન પણ તૈયાર કરી રહ્યું છે જે સબમરીનમાંથી મુક્ત થઈ શકે અને પરમાણુ હુમલા કરવામાં સક્ષમ હશે. પુતિને વધુમાં કહ્યું કે યુરોપ અને એશિયામાં બિછાવેલી અમેરિકન ડિફેન્સ સિસ્ટમ પણ રશિયાની નવી મિસાઈલને રોકી શકશે નહીં.

બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિએ પણ પોતાના પરમાણુ હથિયારોના આધુનિકીકરણનો આદેશ આપ્યો હતો. ઓર્ડર પછી શું થયું તે હજી પણ વિશ્વ માટે ટોચનું રહસ્ય છે. મતલબ કે જો રશિયાને યુક્રેનમાં રોકવામાં નહીં આવે તો તેનું આગામી લક્ષ્ય રશિયાને અડીને આવેલા અન્ય દેશો હશે, જે નાટોના સભ્ય છે. ભય મહાન છે. તેથી, નાટોના ૩૦ હજાર સૈનિકોની લડાઈ આરપારની લડાઈ માટે શરૂ થઈ ગઈ છે. માઈનસ ડિગ્રી તાપમાનની જેમ, જ્યાં રશિયા અને યુક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે.

## કોરોનાથી મૃત્યુના ખોટા દાવાની તપાસ થશે, સુપ્રીમ કોર્ટે કેન્દ્રને મંજૂરી આપી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કોરોનાના કારણે મૃત્યુ માટે વળતરના ખોટા દાવાની તપાસ કરવાની મંજૂરી આપી છે. હવે આંધ્રપ્રદેશ, ગુજરાત, કેરળ અને મહારાષ્ટ્રમાં પાંચ ટકા દાવાની ચકાસણી કરવામાં આવશે. આ રાજ્યોમાં કોરોના મૃત્યુના સત્તાવાર આંકડા અને દાવાઓમાં ફરક જોવા મળ્યો છે.

કોર્ટે કોરોનાને કારણે મૃત્યુ માટે વળતરનો દાવો કરવાની સમય મર્યાદા પણ નક્કી કરી છે. ૨૮ માર્ચ સુધી વળતરનો દાવો કરી શકાશે. આ સિવાય જો કોઈનું કોરોનાથી વધુ મૃત્યુ થાય છે, તો તે ૯૦ દિવસની અંદર દાવો કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર પાંચ રાજ્યોમાં ૫૦ ટકા દાવાઓની તપાસ કરી શકે છે. કેન્દ્રએ એવા જ કેસોની તપાસ કરવી જોઈએ. જેના પર વધુ શંકા હોય. જણાવી દઈએ કે કેન્દ્રએ કોરોનાને કારણે થયેલા મૃત્યુ માટે ૫૦ હજાર રૂપિયાનું વળતર સ્વીકાર્યું છે. ૧૪ માર્ચે થયેલી સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું હતું કે, જો આ રાહતનો દુરુપયોગ થઈ રહ્યો હોય તો તેની તપાસ સીએજી દ્વારા થવી જોઈએ.

ગયા વર્ષે ૪ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય આપત્તિ ભંડોળમાંથી તમામ રાજ્યોએ કોરોનાને કારણે મૃત્યુ માટે ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, પ્રમાણપત્ર પર મૃત્યુનું કારણ લખેલું હોય કે ન હોય, કોઈપણ રાજ્ય વળતરનો ઈનકાર કરી શકે નહીં.

મહામારીની શરૂઆતથી અત્યાર સુધીમાં ૫.૧૬ લાખ લોકો કોરોનાને કારણે મૃત્યુ પામ્યા છે. આ સ્વાસ્થ્ય મંત્રાલયનો સત્તાવાર આંકડો છે. ગુજરાત, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને કેરળમાં જ કોરોનાને કારણે ૨.૩૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**સુનિલકુમાર એ. મોદી**

મુ. કાજીવાડા, તા. ગોધરા જી. પંચમહાલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



**ઓછવલાલ જમનાદાસ ઠાકર**

મુ. ટીંમ્બા, તા. ગોધરા જી. પંચમહાલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



**ઘી કાકણપુર અર્થ સે.સ.મંડળી**

મુ. રામપુરા, તા. ગોધરા જી. પંચમહાલ


### મે.ગોધરાના સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા

જન્મ/મરણ અરજી નંબર : ૯૪૨/૨૦૨૧

**અરજદાર : અરવિંદભાઈ રંગીતભાઈ પટેલ**

**રહે :- મુ.કુંડલા (સાંપા), તા.ગોધરા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયતની કચેરી, સાંપા, તા.ગોધરા**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવાતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમના ફોઈ નામે "કાશીબેન જેસીંગભાઈ બારીઆ" નો જન્મ તા.૦૨/૦૩/૧૯૬૨ના રોજ મોજે સાંપા, તા.ગોધરા ખાતે થયેલ હતો. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના ફોઈ નામે "કાશીબેન જેસીંગભાઈ બારીઆ"નો જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૨૧/૦૪/૨૦૨૨ ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધો તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૩/૦૩/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

(એન. બી. રાજપુત)

સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ, ગોધરા પ્રાન્ત ગોધરા

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં લગ્નસરાની સિઝન સાથે બુટલેગરો સક્રિય પાંચ સ્થળોએથી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં હોળીના તહેવાર બાદ લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી છે. ત્યારે લગ્નસરાની સિઝનમાં ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગર તત્વો દ્વારા મોટા વિદેશી દારૂનો વેપલો કરી તગડો નફો રળી લેવા માટે સક્રિય બન્યા છે. ત્યારે દાહોદ જિલ્લામાં વિદેશી દારૂની બદીને કડક રીતે ડામી દેવા એકશનમાં આવેલી પોલીસે જિલ્લામાં પાંચ જુદી-જુદી જગ્યાએથી ૧,૩૬,૯૫૦ રૂપિયા કિંમતનો વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડયા છે જયારે અને બે ઈસમો પોલીસને જોઈ ભાગી છૂટવામાં સફળ થયા છે. જોકે પોલીસે પ્રોહીના પાંચેય બનાવોમાં વિદેશી દારૂના જથ્થા તેમજ ફોરવિલ ગાડી મળી કુલ ૪,૮૬,૯૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ લોકો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો દાખલ કરતા બુટલેગર તત્વોમાં ફફડાટ નો માહોલ સર્જાયો છે.

પ્રોહીનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે બનવા પામ્યો છે. જેમાં મીરાખેડી ગામના ભરતભાઈ દલાભાઈ બિલવાલ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની જાણ દાહોદ ગ્રામ્ય પોલીસને થતા દાહોદ ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે ભરતભાઈના રહેણાંક મકાનમાં દરોડો પાડતા ભરતભાઈ ઘરે હાજર ન મળતા પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બિયરની ૨૩૬ બોટલો મળી કુલ ૨૭,૫૬૦ રૂપિયા કિંમતનો મુદ્દામાલ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી ભરતભાઈ દલાભાઈ બિલવાલ વિરૂદ્ધ પ્રોહીબીશન અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દેવગઢ બારિયા તાલુકાના વડભેટ ગામે બનવા પામ્યો છે.જેમાં છોટાઉદેપુર જીલ્લાનો શિંગાળાજાં ગામનો ભીમસિંગ ભાઈ મથુરભાઈ રાઠવા પોતાના કબજાની Gj-20-BA-0096 નંબરને બજાજ પલ્સર મોટરસાયકલ પર કંથાનના લગડામાં વિદેશી દારૂ ભરીને લાવતા રસ્તામાં દેવગઢ બારિયા તાલુકાના વડભેટ ગામે વોચમાં ઉભેલી સાગટાળા પોલીસે ભીમસીંગભાઈ ને રોકી કંથાનના લગડાની તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બીયરની એક પેટી, તેમજ ગોવા વિસ્કીની ૫ પેટીઓ મળી કુલ ૨૪૦ બોટલોમાં ૩૧,૨૦૦ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા સાગટાળા પોલીસે ભીમસિંગ ભાઈની અટકાયત કરી તેની પાસેથી વિદેશી દારૂનો જથ્થો તેમજ ૨૫૦૦૦ કિંમતની મોટરસાયકલ મળી કુલ ૫૮,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી હતી અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

પ્રોહીનો ત્રીજો બનાવ દેવગઢ બારિયા તાલુકાના સાદરા રોડ પર બનવા પામ્યો છે. જેમાં Gj-20-BA-4575 ",,બરના મોટરસાયકલ ચાલક પોતાના વાહનમાં કંથાનના લગડામાં વિદેશી દારૂનો જથ્થો ભરીને લાવી રહ્યો હતો. તે સમયે રસ્તામાં સાદરા રોડ પર સાગટાળા પોલીસની નાકાબંધી મોટરસાયકલ ચાલક પોતાની મોટરસાઈકલ રસ્તાની સાઈડમાં ઉભી રાખી અંધારાનો લાભ લઈ ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે તલાસી લેતાં તેમાંથી માઉન્ટ બિયરની ૬૨ બોટલ મળી ૬,૨૦૦ તેમજ પ્લાસ્ટિકના ૧૨૦ કવાટરીયા મળી ૨૦,૪૦૦ નો મુદ્દામાલ મળી આવતા સાગટાળા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ૨૫૦૦૦ કિંમત મોટરસાઈકલ મળી કુલ ૫૧,૬૦૦ રૂપિયા કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ઈસમ સામે પ્રોહી નો ગુનો દાખલ કર્યો હતો.

પ્રોહીનો ચોથો બનાવ ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામે બનવા પામ્યો હતો.જેમાં પાટીયાઝોલ ગામનો રમેશભાઈ ધુળાભાઈ માવી તેના અન્ય એક સાગરીત જોડે Gj-17-BN-0706 નંબર ની ફોરવિલ ગાડીમાં મધ્યપ્રદેશ તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરી લાવતાં રસ્તામાં પાટીયાઝોલ ગામે વોચમાં ઉભેલી ગરબાડા પોલીસે ગાડીને થોભવતા ફોર વ્હીલ ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. જ્યારે પાટીયાઝોલ ગામનો રમેશભાઈ ધુળાભાઈ માવી પોલીસના હાથે ઝડપાઈ જતા પોલીસની ગાડી તલાસી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૬૪ બોટલ મળી ૨૬,૪૦૦ નો મુદ્દામાલ તેમજ ત્રણ લાખની કિંમતની ગાડી મળી કુલ ૩,૨૬,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ઉપરોક્ત બંને ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો પાંચમો બનાવ દાહોદ તાલુકાના રળીયાતી ગામમાં બનવા પામ્યો છે. જેમાં રળીયાતી ગામનો અશ્વિનભાઈ અંબાલાલ મલકિયા પોતાના રહેણાંક મકાન માં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની જાણ દાહોદ ગ્રામ્ય પોલીસને થતાં દાહોદ ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૭૫ બોટલો મળી કુલ ૨૭,૧૯૦ના મુદ્દામાલ સાથે રળીયાતી ગામના અશ્વિનભાઈ અંબાલાલ મલકિયા વિરૂદ્ધ પ્રોહીબીશન અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સ માંથી ૧.૩૧ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો




દાહોદ,

દાહોદ જિલ્લામાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી છે. ત્યારે મધ્યપ્રદેશના રસ્તે ગુજરાતમાં વિદેશી દારૂનો વેપલો કરી તગડો નફો રળી લેવા માટે અવનવા કીમિયા અજમાવી બુટલેગર તત્વો સક્રિય બની ગુજરાતના યુવાધનને નશાના ગર્તામાં ધકેલવાની પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે વિદેશી દારૂની બંદીને કડક રીતે ડામી દેવા સક્રિય બનેલી પોલીસે મધ્યપ્રદેશના સરકારી હોસ્પિટલમાં એનજીઓ દ્વારા સંચાલિત એમ્બ્યુલન્સમાં દારૂની હેરફેરમાં વાપરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં દાહોદ પોલીસે મધ્યપ્રદેશથી દારૂ ભરી દાહોદ આવેલી સરકારી એમ્બ્યુલન્સમાં ૧,૩૧ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઝડપી પાડયા છે. જ્યારે પોલીસે વિદેશી દારૂના જથ્થા તેમજ મળી કુલ ૪.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ કુલ પાંચ લોકો સામે પ્રોહીબીશન અંતર્ગત ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશના સરકારી હોસ્પિટલમાં એનજીઓ દ્વારા સંચાલિત એમ્બ્યુલન્સ વાન લાવવા લઈ જવા માટે અલીરાજપુર ખાતેથી મંજૂરી લઈ સરકારી હોસ્પિટલના વેરિફિકેશન બાદ લાવવા-લઈ જવા માટે મોકલવામાં આવે છે. ત્યારે આ સરકારી દવાખાનામાં કાર્યરત એમ્બ્યુલન્સ કોની મંજૂરીથી ગુજરાત તરફ વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહી હતી. સરકારી દવાખાનાની ઈંગ્લિશમાં વિદેશી દારૂની હેરફેર કરનારો માસ્ટરમાઈન્ડ કોણ..? જે એક ગંભીર તપાસનો વિષય બની જવા પામી છે. જોકે, આ બાબતે સરકારી દવાખાના તબીબના ટેલિફોનિક સંપર્કમાં જણાવ્યા અનુસાર સરકારી દવાખાનામાં કાર્યરત આ એમ્બુલન્સ મધ્યપ્રદેશના ઈંદોર ખાતે પરિવાર એજ્યુકેશન સોસાયટી સંસ્થા દ્વારા સંચાલિત થાય છે. ત્યારે સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં વિદેશી દારૂની હેરફેર કોના આશીર્વાદથી ચાલી રહી છે. પોલીસ તપાસનો વિષય બની જવા પામેલ છે.

## દાહોદ નવજીવન કોલેજ ખાતે મલખમનો કોચિંગ કેમ્પનો પ્રારંભ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના યજમાનપદે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાની મલખમની ભાઈઓ-બહેનોની ટીમનો તા.૨૩-૩૦/૦૩/૨૦૨૨ મલખમનો કોચિંગ કેમ્પનો આજ રોજથી પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ૬ ખેલાડી ભાઈઓ-બહેનો, નવજીવન આર્ટ્સ એન્ડ કોમેર્સ કોલેજ, દાહોદના ૨ ખેલાડી ભાઈઓ, આર્ટ્સ એન્ડ કોમેર્સ કોલેજ, સાવલીના ૩ ખેલાડી ભાઈઓ-બહેનો અને ગૂર્જરભારતી બી.એડ. કોલજ, નગરાળાની ૧ ખેલાડી બહેન આમ કુલ ૬ ખેલાડી ભાઈઓ અને ૬ ખેલાડી બહેનો કુલ ૧૨ ખેલાડીઓ ખુશાલદાસ યુનિવર્સિટી, હનુમાનગઢ રાજસ્થાન મુકામે ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટીની સ્પર્ધામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાનું પ્રતિનિધિત્વ કરશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના વી.સી. પ્રો. ડૉ. પ્રતાપસિંહ ચૌહાણના હકારાત્મક અભિગમ થકી યુનિવર્સિટીમાંથી સૌ પ્રથમવાર મલખમની સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે. તેમજ ભારત દેશની પ્રાચીન રમત મલખમની આપણી યુનિવર્સિટીમાં શરૂઆત થાય તે માટે યુનિવર્સિટીની રમત-ગમતના નિયામક પ્રો. અશ્વિનભાઈ પટેલ તેમજ રમત-ગમત કમિટિ ના સભ્યઓ ડો.એમ.બી. ડાભી, ડો. બી.એમ. ગોહિલ, ડો. સંજય જોષી અને પ્રો. હંસાબેન ચૌહાણ એ ખુબજ રસ લઈને આ મલખમ રમતને પ્રોત્સાહન મળે માટે ખુબજ પ્રયાસ કરેલ છે. જેના ફળ સ્વરૂપે મલખમની યુનિવર્સિટીની ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ભાગલેવા જનાર છે. આ ટીમના મેનેજર તરીકે ડો. યોગેન્દ્રસિંહ ચૌહાણ જનાર છે. તેમજ આ ટીમના કોચ તરીકે અને કેમ્પ દરમ્યાન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના શારીરિક શિક્ષણ અને રમત-ગમતના નિયામક ડો.વી.જે.ચૌહાણ કોચિંગ આપીને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે ટીમને તૈયાર કરશે. આ કેમ્પનો શુભારંભ નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના કાર્યકારી આચાર્ય ડો. જી.જે.ખરાદીના હસ્તે ફળ વધેરીને કરાવેલ છે.

### દાહોદના એક યુવાને ૬ ડિગ્રી સેલ્સિયસ ઠંડીનો સામનો કરી

## એવરેસ્ટ બેઈઝ કેમ્પમાં ૫૩૬૪ મીટર ઉંચાઈ સર કરી દાહોદ શહેર સહિત જિલ્લાનું ગૌરવ વધાર્યું




દાહોદ,

હિમાલયની જ વાત છે તો જાણી લઈએ કે આશરે ૬૦ મિલિયન એટલે કે ૬ કરોડ વર્ષથી વધુ વર્ષની વયના ગણાતા હિમાલયના એવરેસ્ટ શિખરની શોધ સૌપ્રથમવાર સર જ્યોર્જ એવરેસ્ટ દ્વારા ઈ.સ. ૧૮૪૧ માં કરવામાં આવી હતી. તેણે તેનું નામ પીક-૧૫ રાખ્યું હતું.પરંતુ, બાદમાં ઈ.સ. ૧૮૬૫ માં સર જ્યોર્જ એવરેસ્ટના માનમાં આ પર્વતનું નામ બદલીને એવરેસ્ટ કરી દેવામાં આવ્યું હતું. દુનિયામાં સૌથી વધુ એટલે કે ૮૮૪૯ મીટર ઊંચાઈ ધરાવતા શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરવા અગાઉ ખૂબ જ વિકટ ગણાતા ઈમ્જ઼ અર્થાત 'એવરેસ્ટ બેઈઝ કેમ્પ'ને સર કરવાની સિદ્ધિ આપણા દાહોદના કિન્નરભાઈ દેસાઈએ તા.૨૩ માર્ચે મેળવી છે.

દાહોદ દશાનીમા વણિક સમાજના સાહસિક યુવાન અને પ્રકૃતિ મિત્ર મંડળના સહમંત્રી કિન્નરભાઈ દેસાઈએ.

કિન્નરભાઈ દેસાઈએ ખૂબ જ અઘરો એવો વર્ષોજુનો પોતાનો ડ્રીમટ્રેક ઈમ્જ઼ 'એવરેસ્ટ બેઝ કેમ્પ' સર કરી ભાવુક થઈ તે સ્થળેથી જ પોતાનો એક વિડીયો શેર કર્યો હતો.

કિન્નરભાઈ શરદચંદ્ર દેસાઈ નામે યુવાને દાહોદથી દિલ્હી જઈને દિલ્હીથી નેપાળના દુનિયાના સૌથી નાના એરપોર્ટ પર ગત સપ્તાહે ૧૫ માર્ચે નાનકડા વિમાનમાં લેન્ડિંગ થઈ ત્યાંથી એવરેસ્ટ બેઝ કેમ્પ ચડવા પ્રયાણ કર્યું. વિપરીત આબોહવા બદલાતા વાતાવરણ અને દુષ્કર ટ્રેક પર ચાલવાનો પડકાર ઝીલી લીધો. ૧૬ માર્ચે લુકલાથી ચઢાણ શરૂ કરી જુદાજુદા પડાવો પસાર કરી ક્યારેક વાદળોમાંથી તો ક્યારેક માઈનસ ૬ ડિગ્રી સેલ્સિયસ ઠંડીનો સામનો કરી આકાશને આંબતા પર્વતો પર આરોહણ કરી ૫૩૬૪ મીટર ઊંચાઈએ આવેલ એવરેસ્ટ બેઝ કેમ્પ તા. ૨૩ માર્ચ ૨૦૨૨ ના રોજ સર કર્યો ત્યારે કિન્નરભાઈ દેસાઈની આ સિદ્ધિ થકી પ્રકૃતિ મિત્ર મંડળના દરેક સભ્યો સહિત સાહસિક પ્રવૃત્તિમાં રસ ધરાવતા સહુ દાહોદવાસીઓ ગર્વ અનુભવી રહ્યાં છે.

## લીમખેડા તાલુકા કક્ષાની એથ્લેટિકસ રમતોમાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના બાળકો અને શિક્ષક ભાઈ બહેનોનું ખુબ જ સારૂં પ્રદર્શન



લીમખેડા તાલુકા કક્ષાની એથ્લેટિકસ રમતોમાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના બાળકો અને શિક્ષક ભાઈ બહેનોનું ખુબ જ સારૂં પ્રદર્શન

: અંડર ઈલેવન ૫૦-મીટર દોડ, બ્રોડ જમ્પ :
પ્રથમ નંબર સંગાડા વિજય
: અંડર ફોર્ટીન ૧૦૦ મીટર દોડ :
પ્રથમ નંબર માવી અશોકભાઈ
: અંડર ફોર્ટીન ગોળ ફેંક :
બીજો નંબર માવી અશોકભાઈ
: અંડર ફોર્ટીન ચક ફેંક :
બીજો નંબર ભુરીયા વિશાલભાઈ ખુમાન ભાઈ
: અંડર ફોર્ટીન ૧૦૦ મીટર દોડ :
ત્રીજો નંબર બારીયા રીનાબેન સબુરભાઈ
: ઓપન એજગૃપ ભાઈઓ :
ગોળા ફેક પ્રથમ નંબર-પટેલ કેતનભાઈ ધીરુભાઈ
બીજો નંબર પરમાર રમણભાઈ શનુભાઈ
ચક ફેક બીજો નંબર-પટેલ કેતનભાઈ ધીરુભાઈ
બરછી ફેક બીજો નંબર-પંચાલ કૌશલભાઈ વિજયભાઈ
: ઓપન એજગ્રુપ બહેનો :
સો મીટર દોડ પ્રથમ નંબર-ઝાલા કોકીલાબેન
ગોળા ફેક પ્રથમ નંબર-પટેલ કંપાબેન
બરછી ફેક પ્રથમ નંબર-પટેલ કંપાબેન
તમામ બાળકો અને શિક્ષક ભાઈ બહેનોને પરમારના ખાખરીયા શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન

## દેવગઢ બારીયા તથા આજુબાજુના ગામના ગરીબો માટે આશીર્વાદ સમું આહાર કિલનિક



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારીયાના છેવાડાના વિસ્તાર નાયકવાડામાં ૧૫૦ જેટલા કુટુંબો સાવ ગરીબીમાં કાચા ઝુંપડાઓમાં રહી છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેમાં કોઈ વ્યક્તિ બીમાર પડે તો સારવાર માટે બીજા વધુ લોકો બીમાર પડે તેની રાહ જોવાય છે. કેમકે, ઝૂંપડપટ્ટીમાં થી સરકારી દવાખાને આવા જવાનું રિકસાભાડુ તેઓને ઘણું મોંઘુ પડતું હોય, વધુ લોકો બીમાર થાય તો ભાગે પડતા ભાડામાં ઓછા ખર્ચે દવાખાના જઈ શકાય છે. આ વાતની ખબર આહાર સંસ્થાને પડતા સંસ્થાએ તેમના જ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જ બિલકુલ મફત પ્રાથમિક સારવાર કેન્દ્ર ૨૦૧૭માં ચાલુ કરેલ. હાલ આ પ્રાથમિક સારવાર કેન્દ્ર યશોદાબેન પટેલ સાંભળી રહ્યા છે અને આજ દિન સુધી આ કેન્દ્રમાં ૩૮૦૦૦-કરતા પણ વધુ ગરીબ બીમાર લોકોએ મફત સારવારનો લાભ લીધો છે. અત્રે એ ઉલેખનીય છે કે, આ ગરીબ કુટુંબોને છેલ્લા ૧૦ વર્ષથી મફત ભોજન-શિક્ષણ સહાય વગેરે આપેજ છે પણ સાથે ઘેર બેઠા તેઓને બિલકુલ મફત સારવાર મળતા તેઓ માટે આહાર સંસ્થા આશીર્વાદ સમી બની રહી છે.

## બનાસ બેન્કના ચેરમેન અણદાભાઈ પટેલ પોતાના પદે ચાલુ રહેશે

પાલનપુર,

બનાસકાંઠા જિલ્લાની સહકારી બનાસ બેન્કના ચેરમેન અણદાભાઈ પટેલના રાજીનામાની અટકળોનો અંત આવ્યો છે..ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની સૂચનાથી અણદાભાઈ પટેલ ચેરમેન પદે ચાલુ રહેશે.અણદાભાઈ પટેલ થરા માર્કેટ યાર્ડના ચેરમેન પદે પણ હતા. પરંતુ એક વ્યક્તિ બે હોદ્દા ઉપર ન રહી શકે જેને લઈને થરા માર્કેટ યાર્ડના ચેરમેન પદેથી અણદા પટેલે રાજીનામું આપ્યું છે. પટેલે કહ્યું છે કે ૪૦ વર્ષથી ભાજપ સાથે સંકળાયેલો છું.તેનો બદલો મને ભાજપ પ્રદેશ પ્રમુખએ આપ્યો છે.થોડા દિવસ અગાઉ બનાસ બેન્કના જનરલ મેનેજર અશોક ચૌધરીની હકાલપટ્ટી કરાઈ હતી.જે મામલે રાજકારણ ગરમાયુ હતુ..અશોક ચૌધરી બનાસ બેન્કના પૂર્વ ચેરમેન શંકર ચૌધરીના ભાણેજ થતા હોવાથી સમગ્ર મામલો ગરમાયો હતો. અને જિલ્લામાંથી બે જૂથ પડી ગયા હતા.

## દે.બારીયા પંથકમાં ભરબપોરે વાતાવરણમાં પલ્ટો આવતાં ખેડુતો ચિંતાતુર થયા

દે.બારીયા,

દે.બારીયા શહેર તથા પંથકના ગ્રામ્યમાં છેલ્લા ત્રણ દિવસોથી સવારે વાદળ છવાયો વાતાવરણ જોવા મળતો હતો. જેમ જેમ સૂર્ય નારાયણ પ્રકાશ પાડતા જાય તેમ તેમજ વાદળો પણ અલોપ થતા જતા હતા. પરંતુ તા.૨૪/૦૩/૨૨ બુધવારના રોજ સવારે વાદળો દેખાતા હતા પરંતુ બાર વાગ્યા સુધી વાદળ છંટાયા અને સોળે કલાએ તડકો દેખાયો હતો. લગભગ બપોરે ૩.૩૦ કલાકે અચાનક વાદળ છવાયો વાતાવરણ દેખાતા પંથકના ખેડુતોમાં ચિંતામાં આવી ગયા છે. આ લેખ લખાય છે. ત્યારે ૪.૩૦ ઘડીયાળનો કાંટો છે. ત્યારે પણ વાદળો દેખવા મળે છે.

હાલમાં ખેડુતો ચિંતામાં એટલા માટે છે કે, પાનમ નદીના પટમાં તરબુચ, ટામેટા, કાકડી, ભીંડાની ખેતી તૈયાર થઈ ગઈ છે. જેને ખેડુતો પાસેના મોટા શહેરો ગોધરા, દાહોદ, વડોદરા, નડીયાદ સબજી માર્કેટમાં વેચાણ અર્થે લઈ જવાતા હોય છે. જ્યાં તેમને સારા પૈસા મળતા હોય છે. હાલના વાદળછાયા વાતાવરણમાં આ તૈયાર પાકોને નુકશાની થઈ શકે છે. તેમજ હાલમાં આંબાના વૃક્ષો પર કેરીનો મોર પણ આવતો હોય છે. વાદળછાયા વાતાવરણથી આ કેરીના મોર બળી જતો હોય છે. તેથી ખેડુતો ચિંતામાં આવે સ્વભાવિક છે. ઉલ્લેખનિય છે કે, આ વર્ષનો પહેલો સાયકલોનની અંદામાન નિકોબાર દ્વિપ પરના ટાપુએ ત્રાટકવાની આગાહી પણ છે. જેના કારણે બપોરે ગરમી માંથી રાહત મળી છે. ઠંડા પવનો પણ ફુંકાયા છે.



ઝાલોદ ખાતે યોજાયેલા ખેલમહાકુંભમાં રસ્સા ખેંચની રમતમાં બરાબરની રસાકસી જામી હતી. ખેલાડીઓએ તાકાત અને ટીમવર્કની આ રમતની ખૂબ મજા લીધી હતી. ઉપસ્થિતોને પણ બાળપણની મોજ યાદ આવી હતી. ૧૧માં ખેલ મહાકુંભ અંતર્ગત ઝાલોદ ખાતે યોજાયેલી રસ્સા ખેંચમાં શાળા સ્તરે ૧૦૪૦ અને ગ્રામ્ય સ્તરે ૨૧૦ રમતવીરોએ ભાગ લીધો હતો.

## લીમખેડાના નાનામાળ ગામે વીજ ચેકીંગમાં ગયેલ ટીમ ઉપર ગ્રાહકે કુહાડીથી હુમલાનો વિડીયો વાયરલ



દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના નાનામાળ ગામે એમજીવીસીએલના કર્મચારી આસિસ્ટન્ટ આર.એસ.બારીયા ગતરોજ ગામમાં આવેલ એક વીજ ગ્રાહકના ત્યાં વીજ ચેકિંગ માટે ગયા હતા અને તે સમયે ગત ગ્રાહક દ્વારા વીજ કર્મચારી સાથે ઝઘડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઈ જઈ વીજ કર્મચારી આસિસ્ટન્ટ આર.એસ.બારીયા ઉપર કુહાડી વડે જીવલેણ હુમલો કરતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. સદ્નસીબે વીજ કર્મચારીનો ચમત્કારિક બચાવ થયો હતો. આ ઘટનાનો સમગ્ર મામલાનો વીડિયો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી. વાયરલ થયેલ વિડિયોમાં એક ગ્રાહક વિવિધ કર્મચારી ઉપર કુહાડી વડે હુમલો કરતાં પણ સ્પષ્ટ જોવાઈ રહ્યું છે.

## દાહોદ જિલ્લામાં વનરક્ષકની પરીક્ષા કેન્દ્રોના ૨૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યક્તિ પ્રવેશી શકશે નહી

દાહોદ,

દાહોદ જિલ્લામાં વનરક્ષક સવર્ગ ૩ની પરીક્ષાઓ આગામી તા. ૨૭ માર્ચના રોજ બપોરના ૧૨ થી ૨ દરમિયાન યોજાશે. વિદ્યાર્થીઓ પરીક્ષા શાંત વાતાવરણમાં આપી શકે એ માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે એક જાહેરનામા થકી કેટલાંક આદેશો કર્યા છે.

તદ્દઅનુસાર, વનરક્ષકની પરીક્ષાના તમામ ૨૫ પરીક્ષા કેન્દ્રો અને તેની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં, પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષા શરૂ થવાના ૩૦ મીનીટ અગાઉ અને પરીક્ષા પૂરી થવાના એક કલાક પછીના સમય અથવા પરીક્ષા સાથે સંકળાયેલા સંપૂર્ણ સ્ટાફ રવાના થઈ જાય તે બેમાંથી જે મોડું હોય ત્યાં સુધી, પરીક્ષાર્થીઓ, અવારનવાર બોર્ડ તરફથી આવનાર સ્કવોર્ડના સભ્યો, ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ સિવાયના બિનઅધિકૃત વ્યક્તિઓએ એકત્ર થવું નહી. પરીક્ષા કેન્દ્રની કંમ્પાઉન્ડ વોલની બહારના સ્થળે વસવાટ કરતા કે રસ્તેથી પસાર થતા નાગરિકોને માત્ર પસાર થવા દેવાશે, ઉભા રહી શકશે નહી. પરીક્ષા કેન્દ્રની કંમ્પાઉન્ડ વોલમાં ઉક્ત પરીક્ષા દરમિયાન કોઈએ પણ સવારના ૧૧ થી બપોરના ૩ વાગ્યા સુધી પ્રવેશ કરવો નહી. જયાં કમ્પાઉન્ડ વોલ નથી ત્યાં પરીક્ષા કેન્દ્રના મકાનની બહારની દિવાલથી ૧૦ મીટરની અંદર પ્રવેશ કરી શકાશે નહી કે એકઠા થઈ શકાશે નહી. તેમજ પરીક્ષાના સમય દરમ્યાન કોઈ પણ પ્રકારનાં વાજિંત્ર વગાડી શકાશે નહી. આ જાહેરનામાના આદેશોનો ભંગ કરનાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.179

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા હમીરપુરની સર્વે નંબર ૩૨/વાળી શ્રીસરકાર થયેલ જમીન નિરાધાર ખેડુત ખાતેદારને આપવાના સ્થાને અઢળક મિલ્કતદારને પધરાવી

ગોધરા,
ગોધરા તાલુકાના હમીરપુર રે.સર્વે નંબર-૩૨/વાળી જમીનમાં શ્રીસરકારની નોંધ થયેલ છે. જે જમીન કોઈ નિરાધાર ઈસમને સરકારી પર ભરીને ખેડુત ખાતેદાર હોય તો સરકારની આકરણી પર ભરીને જમીન આપવાની સરકારની જોગવાઇ છે. તેમ છતાં સરકારી કર્મચારી-અધિકારીઓ દ્વારા કોઈપણ જાતની તપાસ કર્યા વગર ભરપુર મિલ્કત ધરાવતા ઈસમને મોટા પ્રમાણમાં લાંચ લઈને કબ્જા હુકમ કરી દેવામાં આવ્યો.

ગોધરા તાલુકાના મોજે હમીરપુર રે.સર્વે નંબર-૩૨/વાળી જમીનમાં શ્રીસરકારની નોંધ થયેલ છે. જે જમીન કોઈ નિરાધાર ઈસમને સરકારી પર ભરીને ખેડુત ખાતેદાર હોય તો સરકારની આકરણી પર ભરીને જમીન આપવાની જોગવાઈ કરવામાં આવે છે. તેમ છતાં પંચમહાલ ગોધરા રેવન્યુ વિભાગના કર્મચારી-અધિકારી દ્વારા સર્વે નંબર ૩૨/વાળી શ્રીસરકાર જમીન માટે કોઈ પણ જાતની તપાસ કરવામાં આવી નથી અને જે જમીન નિરાધાર ખેડુત ખાતેદારને આપવાની થતી હોય તેવી જમીન લાંચ લઈને ભરપુર મિલ્કત ધરાવતા હોય તેવા વ્યકિતને બારોબાર ગોધરા ગ્રામ્ય મામલતદાર તરફથી આવી જમીનનો ગેરકાયદેસર હુકમ કરી આપવા આવેલ છે. ગોધરા મામલતદાર એ હુકમ નંબર જ.મ.ન/ભાડા/પટા/વશી/૬૬૮/૨/૧૫ તા.૧૬/૦૨/૨૦૧૫ થી ગોધરાના અસામાજીક તત્વોને આપવામાં આવેલ છે. તેની તપાસ કરવી જરૂરી છે.

## પંચમહાલ દ્વારા જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે
# ૨ થી ૧૬મી એપ્રિલ-૨૦૨૨ દરમ્યાન ચૈત્રી નવરાત્રી પ્રસંગે સાર્વજનિક જગ્યાઓમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તા.૦૨-૦૪-૨૦૨૨ થી ૧૬-૦૪-૨૦૨૨ દરમ્યાન ચૈત્રી નવરાત્રી તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણીમાં યાત્રાળુઓ/લોકોની મોટી અવર-જવર રહેનાર છે. તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખૂબજ વાંકો ચુકો તથા ચઢાણવાળો તથા સાંકડો હોવાથી માંચીથી પાવાગઢ રસ્તાની બંને સાઈડો ઉપર આવેલ દુકાનો દ્વારા ટી.વી. તથા લાઉડ સ્પીકરોના ઘણા મોટા પ્રમાણમાં ઉપયોગ થવાથી આવ-જા કરનારા દર્શનાર્થીઓને ધ્વની પ્રદુષણના કારણોસર હરક્ત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે તેમજ ટીવી/વિડીયોના ઉપયોગથી એકઠી થતી લોકોની ભીડના કારણોસર ધક્કા-મુક્કીના ,જાનહાનિ કે અકસ્માત થવાની શક્યતાઓ રહેલ હોઈ જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષક ગોધરાએ જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. તે હકિકત જોતા આ કામે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

રસ્તાઓમાં અને સાર્વજનિક જગ્યાઓમાં વાજીંત્રો વગાડવા અને ભૂંગળાઓ અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા ઉપર નિયંત્રણ રાખવા અથવા પાડોશમાંના રહેવાસીઓને અથવા આવ-જા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ,ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે સાર્વજનિક જગ્યાઓમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા ઉપર નિયંત્રણ કરવા તથા ઘોંઘાટ દ્વારા થતા પ્રદુષણને રોકવા ઘોંઘાટ પ્રદુષણ નિયમન અને નિયંત્રણ નિયમો૨૦૦૦ના નિયમ-૫ (૩) હેઠળ કરેલ જોગવાઈઓ તથા સરકારના ગૃહ વિભાગગાંધીનગરના પરિપત્રથી મળેલ સુચનાઓને ધ્યાને લઈ સદર નિયંત્રણો મુકવા યોગ્ય જણાઈ આવે છે.

એમ.ડી. ચુડાસમા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (એન) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે, પંચમહાલ જિલ્લામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે તા.૦૨/૦૪/૨૦૨૨ થી તા.૧૬/૦૪/૨૦૨૨ (બંને દિવસો સહિત) માંચીથી પાવાગઢ મંદિર રૂટ ઉપર નીચે મુજબની અમલવારી કરવા ફરમાનું છું.કોઈપણ વ્યક્તિ દુકાનદારે જાહેરમાં ટી.વી./વિડીયોનો ઉપયોગ કરવો નહીં કે લાઉડ સ્પીકર,રેડીયો, ઓડીયો પ્લેયર્સ જેવા ઉપકરણોના ઘોંઘાટથી અવર-જવર કરતા દર્શનાર્થીઓને હરક્ત,અગવડ, ત્રાસ, ભય અથવા નુકશાન પહોંચે તેવું કૃત્ય કરવું નહીં,તા.૦૨/૦૪/૨૦૨૨ થી તા.૧૬/૦૪/૨૦૨૨ (બન્ને દિવસો સહિત) રાત્રિના ૧૨-૦૦ કલાક પછી સૂર્યોદય સુધી રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં અથવા તેની નજીકમાં વાજીંત્ર વગાડવા નહી, ભૂંગળા, લાઉડસ્પીકર અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા નહિ તેમજ બુમો પાડવાની, ગીતો ગાવાની વાદ્ય વગાડવાની પણ પ્રવૃત્તિ કરવી નહી,લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી વગર કરવો નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો રજી થી ૧૬મી એપ્રિલ-૨૦૨૨ દરમ્યાન ચૈત્રી નવરાત્રી પ્રસંગ દરમ્યાન લઇ જવા પર પ્રતિબંધ ફરમાવાયો

ગોધરા,
ચૈત્રી નવરાત્રી પર્વ દરમ્યાન પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે આગામી તા.૦૨/૦૪/૨૦૨૨ થી તા.૧૬/૦૪/૨૦૨૨ દરમ્યાન નવરાત્રી તહેવારની ઉજવણી થનાર છે. આ ઉત્સવ દરમ્યાન લોકોની મોટી સંખ્યામાં અવર જવર પાવાગઢ ખાતે રહેનાર હોવાથી તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખુબ જ વાંકો ચુંકો તથા ચઢાણવાળો તથા સાંકડો હોઈ લોકોની અવરજવર દરમ્યાન કોઈ અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી હોઈ જાહેર હિતમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તા ભારે તેમજ હળવા વાહનોની અવર જવર ઉપર તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર ગધેડાઓ દોરી જનારા કે અન્ય પશુઓ દોરી જનારા ઉપર નિયંત્રણ કરવુ જરૂરી જણાતું. કોઈ પોલીસ અધિક્ષક,પંચમહાલ ગોધરા એ તેઓના તા.૨૦/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક. એલઆઈબી ચૈત્રી નવરાત્રી/જાહેરનામુ ૧૦૧૬/૨૦૨૨ થી તા.૦૨/૦૪/૨૦૨૨ થી તા.૧૬/૦૪/૨૦૨૨ સુધીના સમય તે દરખાસ્તે જણાવ્યા મુજબની વિગતે જાહેરનામુ બહાર પાડવા માટે વિનંતી કરેલ છે.

ઉકત બાબતે દુર્ઘટના, જાનહાની ન સર્જાય તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી હોઈ જાહેરહિતમાં પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, જીપ, લક્ઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચક્રી વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર પશુઓ દોરી જનારાઓ કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ કરવું જાહેરહિતમાં જરૂરી જણાય છે.


આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) અન્વયે મળેલ અધિકારીએ એમ.ડી. ચુડાસમા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા, આથી ફરમાવુ છું કે, પાવાગઢ ખાતે તળેટીથી માંચી જવાના રસ્તા ઉપર ઉપરોકત ઉલ્લેખ કરેલ છે. તે પ્રકારના ભારે તથા હળવા વાહનો તા.૦૨/૦૪/૨૦૨૨ થી તા.૧૬/૦૪/૨૦૨૨ (બન્ને દિવસો સહિત) સુધી અવર જવર કરી શકારો નહિ, કોઈપણ પ્રકારના વાહનો દ્વારા, પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરી શકાશે નહિ, પશુઓ દોરી જનારાઓએ માંચીથી દુધીયા તળાવ પાવાગઢ સુધીના રસ્તા ઉપર અવર જવર કરવી નહી. આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી. બસો, સરકારી ફરજ ઉપરના વાહનો, પીવાના પાણી તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહિ. અનિવાર્ય, અધોચિત પ્રસંગોના કિસ્સામાં એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર હાલોલની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાનેપાત્ર થશે.

# કાંકણપુરના ધોરણ ૧૦ના બાળકોનો વિદાય સમારંભ તેમજ ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો




ગોધરા,
ગોધરાના કાંકણપુર ખાતે આવેલ ધી એમ.જી.શાહ હાઈસ્કુલમાં ધોરણ ૧૦ ની બોર્ડની. પરીક્ષા આપનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોની બોર્ડની પરીક્ષામાં સફળ થવા શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો. આ સમારોહમાં શાળાના આચાર્ય વીપુલ જે.શાહ અને વિષય શિક્ષક ઓએ દ્વારા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાલક્ષી માર્ગદર્શન તેમજ પ્રેરણાદાયી વ્યકતવ્યો આપવામાં આવ્યા હતા. આ સમારોહની સાથોસાથ ઈનામ વિતરણ સમારોહ યોજી શૈક્ષણિક વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમારોહના અંતે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાળા અભ્યાસ અંગેના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.



અખિલ ભારત હિન્દુ મહાસભાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ ત્રિદંડી સ્વામી, રાષ્ટ્રીય મહામંત્રી દેવેન્દ્ર પાંડે, રાષ્ટ્રીય સંગઠન મંત્રી રાકેશ તિવારી, રાષ્ટ્રીય મંત્રી નીમેશભાઈ, પ્રદેશ પ્રભારી આશિષભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ નીલેહસિંહ રાઠોડ તથા જિલ્લા અને તાલુકાના હોદ્દેદારો દ્વારા આવનાર વિધાનસભા ૨૦૨૨ ની ચુંટણી માટેની પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી અને જેમા નવા સુત્રો આપવા આવ્યા છે. ‘‘જાત પાત કી કરો વિદાય હિન્દુ હિન્દુ ભાઈ ભાઈ’’ અને ‘‘હિન્દુ કા સાથ હિન્દુ કા વિકાસ’’ સાથે ૧૦૦ થી વધારે વિધાન સભાના કેન્ડીડેટ ઉતારવામાં આવશે.

# દાહોદ BJP કાર્યકર્તાઓ ‘ધી કાશ્મીર ફાઈલ’ના વખાણ કર્યા

દાહોદ,
દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ૩૦૦ થી વધુ અગ્રણીઓ, કાર્યકર્તાઓએ ધી કાશ્મીર ફાઈલ જોવા દાહોદ શહેરના સીમેના ઘરમાં ઢોલ નગારા સાથે પહોંચ્યાં હતાં અને ફિલ્મનો ખુબ વખાણ કરી ભારત માતાના નારા પણ લાગ્યાં હતાં. ધી કાશ્મીર ફાઈલ ફિલ્મીને ભારત દેશ સહિત અન્ય દેશમાં પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મમાં વર્ષ ૧૯૯૦ની સાલ દરમ્યાન કાશ્મીરો પંડિતો પર થયેલ અત્યાચારો પર આધારિત આ ફિલ્મ બનાવવામાં આવી છે. સમગ્ર દેશ સહિત દુનીયામાં આ ફિલ્મીને ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ દાહોદ શહેરના સિનેમા ઘરમાં આ ફિલ્મ જોવા ૩૦૦ થી વધુ કાર્યકર્તાઓ ફિલ્મ જોવા ઉમટી પડ્યાં હતાં. દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શંકરભાઈ અમલીયા, ઉપ ઉપપ્રમુખ, દાહોદ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ સહિત હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આ ફિલ્મને નીહાળી હતી. આ ફિલ્મને જોવા જતાં અને ફિલ્મ જોયા બાદ બહાર આવતી વેળાએ ઢોલ નગારાના તાલે કાર્યકર્તાઓએ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યાં હતાં અને સિનેમા ઘરમાં પણ ભારત માતા કી જયના નારા લાગ્યાં હતાં. દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શંકરભાઈ અમલીયાર દ્વારા આ ફિલ્મના ખુબ વખાણ કર્યા હતાં અને જણાવ્યું હતું કે, દરેકે આ ફિલ્મી જોવી જોઈએ અને કાશ્મીરના પંડિતો પર થયેલ અત્યાચારોની સત્યતાને સમજવી જોઈએ.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

# ગોધરા તાલુકાના નદીસરના ટોડાના મુવાડામાં આવેલ દુધ ડેરીનું દુધ પંચામૃત ડેરી દ્વારા લેવામાં નહીં આવતાં માજી સાંસદને રજુઆત

શહેરા,
ગોધરા તાલુકાના નદીસર ગામના ટોડાના મુવાડા પેટા ફળિયામાં આવેલ દૂધ ડેરીનું દૂધ કોઈ કારણસર પંચામૃત ડેરી દ્વારા લેવામાં નહી આવતા અહીં દૂધ ભરતા સભાસદો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી પ્રભાતસિંહ ચૌહાણ અને માજી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ખાતુ ભાઈ પગી સમક્ષ અમુક દૂધ સભાસદો એ ક્ષત્રિય સમાજની રેલીમાં ગયા હોવાથી અમારી દૂર ડેરીનું દૂધ બંધ કરેલ હોવાની રજૂઆત કરી હતી.



ગોધરા તાલુકાના નદીસર ગામના ટોડાના મુવાડા પેટા ફળિયામાં આવેલ દૂધ ડેરીનુ દૂધ લેવાનું કોઈ કારણસર પંચામૃત ડેરી દ્વારા બંધ કરવામાં આવતા આ દૂધ ડેરીમાં દૂધ ભરતા પશુપાલકો ભારે મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. આ દૂધ ડેરી મા સવાર અને સાંજે મળીને ૨૫૦થી વધુ લીટર દૂધ થતું હોવા છતાં પંચામૃત ડેરી દ્વારા આ દૂધ ડેરીનું દૂધ લેવામાં નહી આવતા અહીંના દૂધ સભાસદોમાં ભારે નારાજગી સાથે છુપો રોષ પણ જોવા મળી રહ્યો હતો. જ્યારે માજી રાજ્યકક્ષાના મંત્રી પ્રભાતસિંહ ચૌહાણ, માજી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ખાતુભાઈ પગી તેમજ વનરાજ સિંહ સોલંકી અને રાકેશ ડામોર સહિત આજ ગામના માજી સરપંચ ને દૂધ ડેરી બંધ કરવા બાબતે અહીંના જાગૃત પશુપાલકોએ જાણ કરતા તેઓ મુલાકાત લીધી હતી. આ દૂધ ડેરીમાં દૂધ ભરતા અમુક સભાસદો સાથે જાગૃત ગ્રામજનોએ ક્ષત્રિય સમાજની રેલીમાં ગયા હોવાથી આ ડેરીનું દૂધ પંચામૃત ડેરી દ્વારા બંધ કરવામાં આવ્યું હોવાની રજૂઆત કરી હતી. વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપના અગ્રણીઓ દ્વારા આ ગામની મુલાકાત લેવામાં આવી હોય અને પશુપાલકોની આવી સમસ્યા જોઈને તેઓ પંચામૃત ડેરી ના આવા વહીવટ સામે ભારે નારાજગી દેખાડી હતી.પશુપાલકોની ઉપસ્થિતિમાં પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી પ્રભાતસિંહ ચૌહાણ એ જેઠાભાઇ ભરવાડ એ દૂધ મંડળી બંધ કરવી જોઈએ નહીં,સત્તાનો દુર ઉપયોગ કરવો જોઈએ નહીં આવનારી ચૂંટણીમાં એમને આનું ભોગવવું પડશે તેમ જણાવ્યુ હતુ. જ્યારે તેમની સાથે આવેલ માજી જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ ખાતુભાઈ પગીએ જાહેરમાં જેઠાભાઈ મારા સમાજના લોકોને ખોટી રીતે હેરાન કરે છે હવે આવું કરવાનું બંધ કરી દો અને આવનાર ચૂંટણીમાં હું વિધાનસભાની ચૂંટણી લડવાનો હોવાનું તેમ આક્રોશ સાથે જણાવી રહ્યા હતા.હાલ તો વિધાનસભાની ચૂંટણી પહેલા જે રીતે ભાજપના અગ્રણી અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી પ્રભાત સિંહ ચોહાણ દ્વારા પંચામૃત ડેરી ના ચેરમેન જેઠાભાઇ ભરવાડને દૂધ ડેરીનું દૂધ બંધ કરવાને લઈને આવનાર ચૂંટણીમાં આના લીધે ભોગવવું પડશે જે રીતે ની ચીમકી આપી હોય ત્યારે ભાજપમાં અંદરો અંદર ડખો જોવા મળી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.

# મોરવા(હ) રસુલપુર ગ્રામ પંચાયતમાં ઠરાવ મુજબ કામો ન થતાં હોવા બાબતે રજુઆત

શહેરા,
મોરવા હડફ તાલુકાના રસુલપુર ગ્રામપંચાયતના ૫ નંબર ના વોર્ડ સભ્ય આરત પટેલ દ્વારા ગ્રામ પંચાયતના ઠરાવ મુજબ કામો નહીં થતા હોવા સાથે મહિલા સરપંચના પતિ દેવ વહીવટ કરતા હોવાની મૌખિક રજૂઆત તાલુકા વિકાસ અધિકારીને કરાઈ હતી. તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ બાબતે શું કાર્યવાહી કરશે તે જોવુજ બન્યું છે.




મોરવા હડફ તાલુકાના રસુલપુર ગ્રામ પંચાયત ૫૫૦૦ ની આસપાસ વસ્તી ધરાવે છે. આ ગામનો વિકાસ થાય તે માટે ગામમાં આવેલ ગ્રામ પંચાયત ખાતે સરકારની વિવિધ યોજનાઓની ગ્રાન્ટ આવતી હોય છે. જ્યારે આ ગામ પંચાયતના વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર ૫ ના સભ્ય આરતભાઈ મોહનભાઈ પટેલ એ ગ્રામ પંચાયતમાં જે ઠરાવ કરવામાં આવે છે. તે મુજબ કામો થતા નથી અને મહિલા સરપંચના પતિદેવ વહીવટ કરતા હોવાની મૌખિક રજૂઆત તેઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવી હતી. હાલ તો જે રીતે ગ્રામ પંચાયતના વોર્ડ સભ્ય આરત પટેલ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે. જ્યારે આ મામલે તેઓ દ્વારા આગામી દિવસોમાં જિલ્લા વિકાસ અધિકારી તેમજ ઉચ્ચ કક્ષાએ પણ ગ્રામ પંચાયતના થતા કામોની તપાસ થાય તે માટે તેઓ દ્વારા ઉગ્ર રજૂઆત પણ કરનાર હોવાનું તેઓ પાસેથી જાણવા મળ્યું છે. સંબંધિત તંત્ર આ બાબતે કેટલી ગંભીરતા લેશે કે નહીં તે તો આવનાર સમય મા ખબર પડી જશે તો નવાઈ નહી.

# ગોધરા ખાતે NIA ની ટીમે પાકિસ્તાન કનેકશનમાં ત્રણ વ્યકિતઓના નિવદેન લેવામાં આવ્યા

ગોધરા,
ગોધરા ખાતે રહેતા કેટલાક વ્યકિતઓનું પાકિસ્તાન કનેકશન હોવાની માહિતીના આધારે એનઆઈએ ની ત્રણ ટીમો ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું. એનઆઈએ ટીમે ત્રણ વ્યકિતઓને જીલ્લા પોલીસવડાની કચેરી ખાતે બોલાવી નિવેદનો લેવામાં આવ્યા.

ગોધરા ખાતે અગાઉ પણ કથીત નેવી જાસુસી કાંડના તાર ગોધરા સુધી લંબાતા એનઆઈએ ની ટીમ દ્વારા કેટલાક ઈસમો ઝડપી પાડવામાં આવ્યા હતા. ત્યારે વધુ એક વખતે પુનઃ ગોધરાના કેટલાક વ્યકિતઓનું પાકિસ્તાન કનેકશન હોવાની માહિતીના આધારે મહારાષ્ટ્રની બે ટીમો અને એક મુંબઈની એનઆઈએની ટીમે ગોધરામાં આવી હતી. મોડી રાત્રીએ પશ્ચિમ વિસ્તારમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. ત્રણ જેટલા શંકાસ્પદ વ્યકિતઓને ગોધરા જીલ્લા પોલીસવડાની કચેરી ખાતે બોલાવીને નિવેદનો લેવામાં આવ્યા. જેમાં એક મહિલા અને બે યુવકોનો સમાવેશ થાય છે. ગોધરા પાકિસ્તાન પ્રકરણમાં એનઆઈએની ટીમ દ્વારા ત્રણ વ્યકિતઓની પુછપરછ બાદ ત્રણ વ્યકિતઓનેં ઘરે જવા દેવામાં આવ્યા.

# ઘોઘંબા રાજગઢ પોલીસ મથકના હત્યાના ચાર આરોપીને પોલીસે ઝડપ્યા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકમાં નોંધાયેલ હત્યાના ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓને શોધવા માટે ટીમો બનાવી તપાસ હાથ ધરવમાં આવી હતી અને ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકે નોંધાયેલ હત્યાના ગુનાના આરોપીઓને ઝડપી પાડવા માટે રાજગઢ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હતી. પોલીસથી અલગ અલગ ટીમો દ્વારા આરોપીઓના રહેણાંક ઘરો અને સંભવિત આવવા જવા સ્થળોએ વોચ ગોઠવીને તપાસ હાથ ધરી હતી. પોલીસે ચાર આરોપીઓ રૂજલીબેન ભલુભાઈ રાઠવા રહે. સવાપુરા, જાલુભાઈ નાનજીભાઈ રાઠવા, નરવતભાઈ જાબુભાઈ રાઠવા, મીનાબેન ઉર્ફે સંગી જાબુભાઈ રાઠવાને ઝડપી પાડવામાં આવ્યા.

# NSS યુનિટ દ્વારા રાયસિંગપુરા ગામમાં મફત મેગા આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો



ગોધરા,
ગોધરા તાલુકાના રાયસિંગપુરા ખાતે હાલ ચાલી રહેલો રાષ્ટ્રીય સેવા યોજનાના વાર્ષિક શિબિરમાં જે.એલ.કે કોટેચા અને એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ, કાંકણપુર, એસ. આર. ભાભોર આર્ટ્સ કોલેજ, સીંગવડ તેમજ રાયસિંગપુરા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે રાયસિંગપુરા ગામના સાથ અને સહયોગથી પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ રીસર્ચ, પારૂલ યુનિવર્સિટી સંલગ્ન ખેમદાસ આયુર્વેદ હોસ્પિટલની સમગ્ર મેડિકલ ટિમ દ્વારા મફત મેગા આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ રાયસિંગપુરા પ્રાથમિક શાળામાં રાખવામાં આવ્યો હતો. જેમાં કુલ ૪૦૦ થી વધુ લોકોની તપાસ અને સારવાર કરવામાં આવી હતી. જેમાં આંખની તપાસ, બ્લડ ગ્રુપ, બ્લડ પ્રેસર, ડાયાબિટીસની તપાસ, નિઃશુલ્ક ઇ.સી.જી., શરીરને દુઃખાવા, હરસ, મસા, ગર્ભવતી મહિલાઓ માટે વિવિધ રોગો જેવા કે ઉલ્ટી, શરદી,પેટનો દુઃખાવો, લોહીની કમી વગેરેની સારવાર કરવામાં આવી હતી. આ કેમ્પનું સ્વાગત શબ્દો તેમજ પુષ્પગુચ્છથી ડો. મહેશ પટેલ પ્રોગ્રામ ઓફિસર સીંગવડ આર્ટસ કોલેજ અને ડો.મહેશ રાઠવા પ્રોગ્રામ ઓફિસર કાંકણપુર આર્ટસ અને કોમર્સ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પનો લહાવો ગામનાં વડીલો, ભાઈઓ-બહેનો, બાળકો, તેમજ આસપાસના ગામોનાં લોકોએ આ અનેરા મોકાનો લાભ લીધો હતો.

# પંચમહાલ વિભાગ હેઠળના ગ્રામીણ વિસ્તારોમાં આવેલી પોસ્ટ ઓફિસોમાં બચત ખાતાની સેવા- પેમેન્ટ બેંક સેવાઓ- ડિજિટલ જીવન પ્રમાણ પત્ર- બિલ ચૂકવણી અને મોબાઈલ રીચાર્જ જેવી સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી

ગોધરા,
ટપાલ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૦૦ % પોસ્ટ ઓફિસ (૧.૫ લાખ પોસ્ટ ઓફિસ) કોર બેંકિંગ સિસ્ટમ થી જોડાશે. જે નાણાકીય સમાવેશને સક્ષમ કરશે તથા નેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ અને અઝખ દ્વારા પોસ્ટ ઓફિસ ખાતાઓ અને બેંક ખાતાઓ વચ્ચે ઓનલાઈન ફંડ ટ્રાન્સફર ની સુવિધા પ્રદાન કરશે. આ સેવાઓ ખાસ કરીને ખેડૂતો અને વરિષ્ઠ નાગરિકો ના ખાતાઓની આંતરીક કાર્યક્ષમતા અને નાણાકીય સમાવેશ ને સક્ષમ બનાવશે. પંચમહાલ વિભાગ હેઠળના ગ્રામીણ વિસ્તારોમાં આવેલી તમામ પોસ્ટ ઓફિસોમાં બચત ખાતાની સેવા અને પેમેન્ટ બેંક સેવાઓ સાથે ડિજિટલ જીવન પ્રમાણ પત્ર, બિલ ચૂકવણી અને મોબાઈલ રીચાર્જ જેવી સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. વધુ માહિતી માટે તમારી નજીકની પોસ્ટ ઓફિસની મુલાકાત લેવા અધિક્ષક ડાકઘર પંચમહાલ વિભાગ, ગોધરાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.